# મીડિયા પ્લાનર

મીડિયા પ્લાનર સૌથી યોગ્ય સમયે જાહેરાતો પ્રસિદ્ધ માટે જવાબદાર છે જેથી કરીને ન્યૂનતમ ખર્ચ સાથે, ઓછા સમયમાં વધુમાં વધુ દર્શકો સુધી પહોંચી શકાય. મીડિયા પ્લાનરે તેમના ગ્રાહકોના ઉત્પાદનો લોકોની નજરમાં આવે તે રીતે પ્રદર્શિત થાય તે સુનિશ્ચિત કરવું પડશે અને લોકોના મનમાં તે ઉત્પાદનની છબીને પણ વધુ સારી બનાવવી પડશે. મીડિયા પ્લાનર્સ તેમના લક્ષિત દર્શકો અંગેની જાણકારી પણ એકત્રિત કરે છે અને વિજ્ઞાપનો અથવા પ્રચાર-પ્રસાર સામગ્રીઓ લક્ષિત દર્શકો માટે વધુ અસર નીપજાવનારી બને તેવી રીતે તૈયાર કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે મૌખિક અને લેખિત પ્રત્યાયનમાં કુશળ છો
- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમને વિવિધ માધ્યમો વિશે જાણવાની જીજ્ઞાસા ધરાવો છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૪,૦૦૦ થી ૨૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં સ્નાતક(BBA)ની ડિગ્રી મેળવો

**અથવા**

બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA) અથવા સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવો અને ત્યારબાદ, માર્કેટીંગમાં અનુસ્નાતક (MBA)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

મીડિયા પ્લાનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૭,૦૦૦ થી ૮૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Media_Planner/Salary

NCS Code: NA, CCode: MC015

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વિજ્ઞાપન એજન્સીઓ, મીડિયા ગૃહો, પ્રકાશકો, શૈક્ષણિક પ્રકાશકો

**કાર્યસ્થળનું વાતાવરણ :** સામાન્ય રીતે આ એક ડેસ્ક જોબ છે. તમારે કમ્પ્યુટર અને સ્માર્ટફોન પર કામ કરવાની જરૂર પડશે. અઠવાડિયામાં એક વખત વિજ્ઞાપનો કે અન્ય સામગ્રીઓને પ્રસિદ્ધ કરવા માટેનું સમયપત્રક તૈયાર કરવું પડશે. તમે ટીમમાં કામ કરશો તેવી અપેક્ષા છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક → પ્લાનર → સુપરવાઈઝર → કોમ્યુનિકેશન ડિરેક્ટર → મેનેજિંગ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

મીડિયા પ્લાનર, ડિજિટલ મીડિયા પ્લાનર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**
સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.એમ., અમદાવાદ
૨. આઈ.આઈ.એમ., બેંગલુરૂ
૩. વી.એન.એસ.જી.યુ., સુરત
૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ મેનેજમેન્ટ, રાંચી
૫. આઈ.આઈ.એમ., ઈન્દોર
૬. તમિલનાડુ ઓપન યુનિવર્સિટી, ચેન્નાઈ
૭. બીયન્ત કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (બી.સી.ઈ.ટી.), ગુરદાસપુર
૮. એમ.એસ.યુ., વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ભારતીય વિદ્યા ભવન, કલકત્તા
૨. ઈન્ટરનેશલ સ્કૂલ ઓફ રિટેલ મેનેજમેન્ટ
૩. સ્કૂલ ઓફ બિઝનેસ, યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૪. અજીંક્ય ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૫. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૬. નગીનદાસ ખંડવાલા કોલેજ, મુંબઈ
૭. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિજિટલ એજ્યુકેશન (આઈ.આઈ.ડિ.ઈ.), મુંબઈ
૮. એન.જે.એસ.એમ.ટી.આઈ., જુનાગઢ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ




## સાફલ્ય ગાથા

**મધુ છિબ્બર** મેડિસન પી.આર.ના સી.ઈ.ઓ. છે અને ૨૪ વર્ષનો અનુભવ ધરાવે છે. તેણી અનેક પ્રતિષ્ઠિત કંપનીઓમાં વ્યાવસાયિક સંચાર સલાહકાર તરીકે પણ કાર્યરત છે.*

સ્ત્રોત : https://www.adgully.com/madhu-chhibber-joins-hdfc-bank-as-head-of-corporate-communications

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.